**સ્પેશ્યલ દિવાની મુકદમા નંબર : ૮/૨૦૨૦**

**–// આંક–પ ની કામ ચલાઉ મનાઈ અરજી લગત હુકમ //–**

૧. સદર હુકમ આંક. પ લગત હોય, અત્રે આંક. પ ની વિગતોનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ વાદીની મનાઈ અરજીની ટુંક હકીકત અનુસાર : પક્ષકારો વચ્ચે રસ્તાની તકરાર છે, અને વાદીના જણાવ્યા અનુસાર પ્રતિવાદી નં. ૩ અને ૪ સરકારી તંત્ર છે અને પ્રતિવાદી નં. ૧ અને ૨ ખાનગી પક્ષકારો છે. જુનો બ્લોક/સર્વે નં. ૯૬ ના પુર્વ તરફના નાના ભાગનુ આરે–૫૦ ચો.મી. –૯૬ જેનો નવો ભાગ આરે–૩૪ અને ચો.મી.–૧૧ છે, તે વાદીના કબજા અને માલિકીનુ છે તે દર્શાવવા માટે તથા તેમાં પ્રતિવાદી નં. ૧ અને ૨ પ્રવેશ કરે કરાવે નહી, કે કોઈપણ પ્રકારની તેમાં કાર્યવાહી કરે કરાવે નહી, તે મુજબની દાદ વાદીએ માગેલ છે. વાદીએ તેમની તકરાર પ્રતિવાદી નં. ૩ અને ૪ સમક્ષ મુકયાથી પણ તેમની તકરારનો ઉકેલ ન આવતાં, તેમણે હાલનો દાવો દાખલ કરેલ છે. અને દાવાના અંતિમ નિર્ણય થતાં સુધી પ્રતિવાદીઓ દાવાવાળી મિલ્કતમાં કોઈપણ પ્રકારે ખોદકામ કરે કરાવે નહિ, અને વાદીના કબજામાં કોઈપણ વિક્ષેપ કે હરકત કરે કરાવે નહી, તે મુજબનો કામ ચલાઉ મનાઈ હુકમ માગેલ છે.

૨. પ્રતિવાદીઓ તરફે દાવા અરજી અને મનાઈ અરજીનો જવાબ સંયુકતપણે આંક. ૨૯ થી આપવામાં આવેલ છે. અને તેમણે વાદીના આક્ષેપોનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, વાદીએ તેમના દાવામાં ખોટી હકીકતો જણાવેલ છે. બ્લોક નં. ૯૬ વાદીઓ અને તેમના પિતાના સંયુકત માલિકી ખાતાનો હતો, અને તેનો નવો ખાતા નં. ૧૮૧ છે. જયારે તેનો જુનો ખાતા નં. ૮૧ હતો. વાદી જે મુજબની તકરાર લઈને કોર્ટ સમક્ષ આવ્યા છે તે રેકર્ડ આધારીત છે. ખરેખર વાદીએ દાવા અરજીમાં મહત્વપુર્ણ હકીકતો છુપાવેલ છે. તા. ૨૦/૦૬/૧૯૮૩ ના રોજ થયેલ વેચાણ લેખની હકીકતો પણ વાદીએ છુપાવેલ છે, અને જે મુજબની દાદ તેમણે હાલના દાવામાં માગેલ છે તે તેમને મનાઈ અરજીના તબકકે મળી શકે નહી. દાવાવાળી મિલ્કત સબંધે પ્રતિવાદીઓએ એન.એ. કરાવ્યાની વિગતો તથા ડી.આઈ.એલ.આર. કચેરી, પાલનપુર તરફથી કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો વાદીએ સ્પષ્ટપણે અને સાચી રીતે કોર્ટમાં જણાવેલ નથી. વાદી રેવન્યુ ઓથોરીટી સમક્ષ જે દાદ નથી મેળવી શકયા તેના માટે તેમણે હાલનો દાવો ખોટી હકીકતો પર આધારીત દાખલ કર્યો છે. હાલ દાવાવાળી જમીન પર જે કાર્યવાહી થયેલ છે, અને દાવાવાળી જમીન પણ જે મુજબના વિકાસ થયેલ છે તેની કોઈપણ વિગતો વાદીએ દાવામાં જણાવેલ નથી. જો વાદીની હાલની મનાઈ અરજી મંજુર કરવામાં આવે તો, પ્રતિવાદીઓના

અધિકારને નાણામાં ન વાળી શકાય તે મુજબનું નુકસાન જવાની શકયતા છે. હાલનો દાવો સમયમર્યાદા બહારનો છે, અને વાદીએ જે દાદ દાવાથી માગી છે તે અશકય છે, કારણ કે તે ગેરકાયદેસર છે. વાદીએ યોગ્ય પક્ષકારોને દાવામાં જોડેલ નથી. તે મુજબની હકીકતો જણાવી પ્રતિવાદી તરફે મનાઈ અરજી નામંજુર કરવા રજુઆત કરવામાં આવેલ છે.

૩. બંને પક્ષના વિ. વકીલશ્રીને કામ ચલાઉ મનાઈ અરજી અંગે સાંભળ્યા. વાદીએ આંક. ૩ ના લીસ્ટથી રજુ કરેલ કુલ – ૧૭ દસ્તાવેજી પુરાવાઓ પૈકી, સુપ્રિન્ટેન્ડેન્ટ, લેન્ડ રેકર્ડસ કમ એકત્રીકરણ અધિકારી ના વિવાદ વાળો હુકમ, વિવાદીએ આપેલી તે સામેની વાંધા અરજી, વાદીના સર્વે નં. ૨૩૦ તથા ૨૫૯ ના ગામ નમુના નં. ૭–૧૨, ફેરફાર નોંધ નં. ૨૭૨૩ તથા ૨૮૨૫ અને ૬૨૩, સર્વે નં. ૯૭ ના સર્વેના નકશાની સર્ટીફાઈડ નકલ, સર્વે નં. ૨૬૦ નો ગામ નમુનો નં. ૮–અ, ૭ અને ૧૨.

૪. પ્રતિવાદી નં. ૧ અને ૨ તરફે ડી.આઈ.એલ.આર. કચેરીનો હુકમ, માપણી શીટ, નોંધ નં. ૨૮૨૫, ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના માપણીના પરિપત્રો, ગામ નમુના નં. ૮–અ, ૭–૧૨ ના ઉતારાની નકલ, બીનખેતીનો હુકમ અને નોંધ નં. ૩૦૧૫ આંક. ૧૭ ના લીસ્ટથી રજુ કરેલ છે. જયારે આંક. ૩૦ ના લીસ્ટથી પ્રતિવાદી નં. ૧ અને ૨ તરફે વધારાના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે, જે પૈકી ખાતા નં. ૨૪૦ નો ગામ નમુના નં. ૮–અ, સર્વે નં. ૨૬૦/પૈકી–૧ અને ૨ ના ગામ નમુના નં. ૭–૧૨, પાણીપત્રકના ઉતારા, વેચાણ દસ્તાવેજ નં. ૧૧૩૯/૧૯૮૩, હકકપત્રક નોંધ નં. ૭૩૫, ૧૨૩૯, ૧૪૯૯, ૧૫૭૨, ૧૪૪૭, ૨૭૨૩, બીન ખેતીનો હુકમ અને તેની નોંધ નં. ૩૦૧૫, હિસ્સા ફોર્મ નં. ૪, ગ્રામ પંચાયતમાં વેરો ભર્યાની પહોંચ, સરકારશ્રીના પરિપત્ર અને પ્રતિવાદી નં. ૧ અને ૨ નાએ કલેકટરશ્રી,બનાસકાંઠા સમક્ષ કરેલ કેવીયેટ અરજીની નકલો રજુ થયેલ છે.

૫. રેકર્ડ પર દાવાવાળી સ્થળનુ હાલની સ્થિતિનુ કોઈપણ પંચનામું કે નકશો રજુ નથી. વાદીએ દાવાવાળી મિલ્કત સબંધે તેમના અધિકારની હકીકતો જણાવી, તે સંદર્ભે વચગાળાનો મનાઈ હુકમ માગેલ છે, અને કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા માટેની કરવામાં આવેલ અરજીમાં દાદ પેરા નં. એ માં નોંધવામાં આવેલ છે. તે મુજબ નવો સર્વે નં. ૨૫૯ વાદીઓના કબના ભોગવટા માલિકીનુ આવેલ છે તેમાં પ્રતિવાદી નં. ૧ અને ૨ પ્રવેશ કરે કરાવે નહિ, તેમજ તેમાં કોઈપણ પ્રકારણે ફેરફાર કે ખોદકામ કરે કરાવી નહી, અને વાદીના કબજામાં કોઈપણ પ્રકારણે વિક્ષેપ કરે કરાવે નહી, તે મુજબની વચગાળાની દાદ માગેલ છે. પરંતુ સદર દાદમાં વાદીનો કબજો

ભોગવટો અને તેમની માલિકી માનવાની જે દાદ માગવામાં આવેલ છે તે હાલના તબકકે કોર્ટ માની શકે તેટલા પ્રાથમિક પુરાવા પણ વાદી તરફે હાલ સુધી રેકર્ડ પર રજુ થયા નથી. વાદીએ જે દસ્તાવેજી પુરાવા હાલ સુધી રેકર્ડ પર રજુ કર્યા છે તે જોતાં એવુ માનવાને કારણ રહે છે કે, હકીકતમાં વાદીએ હાલની જે સ્થળ સ્થિતિ દાવાવાળી તકરારી જગ્યાએ છે તે કોર્ટમાં સ્પષ્ટપણે જણાવેલ નથી. વાદીએ પોતે માર્ક ૩/૧૭ થી જે ગામ નમુના નં. ૧૨ અને માર્ક ૩/૧૬ થી ગામ નમુના નં. ૭ સર્વે નં. ૨૬૦ જેનો જુનો સર્વે નં. ૯૭/પૈકી–૧ છે તે રજુ કરેલ છે, તેમાં કબજેદાર અને ખાતેદાર તરીકે હાલ શૈલેષકુમાર દલપતભાઈ, કમળાબેન શૈલેષકુમાર, હિનાબેન, અમીતભાઈ, તૃપ્તીબેન તથા સંજીવભાઈ ના નામો ચાલે છે. પરંતુ વાદીએ હાલના દાવામાં માત્ર બે જ પ્રતિવાદી અમીતભાઈ અને સંજીવભાઈ શૈલેષકુમાર ઠકકરને મુખ્ય પ્રતિવાદી તરીકે દર્શાવેલ છે. અને શૈલેષકુમાર ઠકકરના અન્ય કોઈપણ વારસદારોને કે જેમના નામ વાદીના પોતાના રજુ કરેલ રેકર્ડ અનુસાર રેકર્ડમાં ચાલે છે, તેમને પક્ષકાર તરીકે દાવામાં જોડેલ નથી.

૬. વાદી એ રેકર્ડ પર રજુ કરેલ હકીકતો સંદર્ભે પ્રતિવાદી તરફે જે હકીકતો અને દસ્તાવેજી પુરાવા હાલ સુધી રેકર્ડ પર રજુ કરવામાં આવ્યા છે, તેના પરથી પ્રથમદર્શનીય માનવાને કારણ રહે છે કે, વાદીએ દાવા અરજીમાં સંપુર્ણ હકીકતો સ્પષ્ટપણે અને ચોકકસ રીતે જણાવેલ નથી. બીજા શબ્દોમાં સત્ય હકીકતો છુપાવીને વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે તેવુ માનવાને પ્રથમદર્શનીય પુરતાં કારણો હાલ સુધી રેકર્ડ પર ઉપલબ્ધ છે. એટલું જ નહિ પરંતુ વાદી કોર્ટ કમીશન કરાવીને દાવાવાળા સ્થળની હાલની સ્થિતિને રેકર્ડ પર સ્પષ્ટ કરી શકતા હતા, પરંતુ તે મુજબ તેમણે કરવાનો પ્રયત્ન કરેલ નથી. તેની પાછળના કારણો વાદીને પોતાને જ ખ્યાલ છે. પરંતુ પ્રતિવાદીએ જે મુજબની સ્પષ્ટતાઓ રેકર્ડ પર મુકેલ છે તેની સામે કોઈપણ કાઉન્ટર એફીડેવીટ પણ વાદી તરફે રેકર્ડ પર રજુ થયેલ નથી. એટલે કે, પ્રતિવાદી ધ્વારા વાદી સામે કરવામાં આવેલ આક્ષેપોની કોઈપણ સ્પષ્ટતા વાદી તરફે હજુ સુધી રેકર્ડ પર મુકવામાં આવેલ નથી. સરકારશ્રી તરફે જે કોઈપણ કાર્યવાહી દાવાવાળી જમીન સંદર્ભે થયેલ છે અને હાલ જે પરિસ્થિતિ દાવાવાળી જમીન પર છે, તે અંગે કોઈપણ ચોકકસ સ્પષ્ટતા વાદી તરફે રેકર્ડ પર મુકવામાં આવેલ નથી.

૭. વાદીએ હાલ સુધી રેકર્ડ પર જે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે તેને જોતાં, પ્રથમ દર્શનીય રીતે સ્પષ્ટ થાય છે કે, વાદીએ પોતાની રજુઆતોને સ્પષ્ટતાપુર્વક રેકર્ડ પર મુકેલ નથી.જે દસ્તાવેજી પુરાવા તેમણે હાલ સુધી રેકર્ડ પર રજુ કર્યા છે તેનાથી વાદી જે મુજબની તકરાર

કોર્ટમાં લઈને આવ્યા છે તે અંગે ચોકકસ સ્પષ્ટતા હાલના તબકકે થઈ શકતી નથી. અને વાદી તરફે મહત્વપુર્ણ હકીકતો છુપાવ્યાનો હાલના તબકકે પ્રથમદર્શનીય સ્પષ્ટ થાય છે. વાદી હાલ સુધી રેકર્ડ પર દાવા વાળી મિલ્કત સબંધે તેમનો અધિકાર પ્રથમદર્શનીય પણ સ્થાપિત કરી શકયા નથી. અને જે આક્ષેપો તેમણે પ્રતિવાદીઓ સામે કરેલ છે તેની કાયદેસરતા દર્શાવવા માટે તેમણે હાલ સુધી કોઈપણ પુરાવો રેકર્ડ પર રજુ કરેલ નથી.

૮. આમ, કામ ચલાઉ મનાઈ અરજી નિર્ણિત કરતાં સમયે ઘ્યાને લેવાના તમામ મુદ્દા હાલ વાદીની તરફેણમાં નથી. એટલે કે, વાદીનો પ્રથમદર્શનીય કેસ નથી, સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં નથી તેથી જો વાદીને માંગ્યા મુજબનો કામ ચલાઉ મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાંમાં ન વાળી શકાય તે મુજબનું નુકસાન જવાની પુરેપુરી શકયતા રહેલી હોવાનુ માની શકાય નહિ. કારણે કે જો કોઈ વ્યકતીને કોઈ મિલ્કત પ્રત્યે અધિકાર જ ના હોય તો તેને તે સબબનો નુકસાન માની શકાય નહિ. અને જો વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો હાલના દાવાનો અંતીમ ચુકાદો માત્ર પેપર ડીક્રી બની રહેશે તેવુ અત્રેની કોર્ટનું ચોકકસપણે માનવું છે. સદર કામનો તમામ પુરાવો રેકર્ડ થયા સીવાય વાદીના અધિકારો, જો કોઈ હોય તો, નિર્ણય થઈ શકે તેમ નથી.

૯. ઉપરોકત ચર્ચાને આધારે આંક–૫ ની કામ ચલાઉ મનાઈ અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

૧. વાદીની આંક. ૫ ની કામ ચલાઉ મનાઈ અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ પણ હુકમ કરવામા આવતો નથી.

હુકમ આજ રોજ તા. ૩૦ મી ડીસેમ્બર સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ :– દિયોદર,
તારીખ :– ૩૦/૧૨/૨૦૨૨

(ડો.મંજુદેવી શારદાપ્રસાદ પાંડે)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,
દિયોદર,બનાસકાંઠા.
કોડ નં.જીજે.૦૦૮૬૦